ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમની અધિકૃત શેરમૂડી ૫.૦૦ કરોડથી વધારી ૨૦.૦૦ કરોડ કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃએસસીડબલ્યુ/૧૦૨૦૧૨/ન.બા.૨૮/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૬/૧૦/૨૦૧૫.

વંચાણે લીધાઃ-

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૪-૫-૨૦૧૫ ના ઠરાવ ક્રમાંકઃસશપ-૧૦૨૦૧૫-ન.બા.૪૫૪-અ.૧

(૨) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમનોતા.૧૩-૭-૨૦૧૫નો પત્ર ક્રમાંકઃગુસકાવિનિ/હસબ/૨૦૧૫-૧૬/3023

ઠ રા વઃ-

ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમની અધિકૃત શેરમૂડી વંચાણે લીધા ક્રમ (૧) પરના તા.૧૪-૫-૨૦૧૫ના ઠરાવથી રૂ૯૦૯.30 લાખની રકમ શેરમૂડી ફાળવવામાં આવેલ હતી. ત્યારબાદ વંચાણે લીધા ક્રમ(૨) પરના ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમના તા.૧૩-૬-૨૦૧૫ ના પત્રથી ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬માં નિગમને શેરમૂડી ના રકમના શેર માન.રાજયપાલશ્રીના નામે ઇસ્યુ કરવા માટે નિગમની અધિકૃત શેરમૂડી હાલ રૂ.૫.00 કરોડ છે તે વધારી રૂ.૨૦.00 કરોડ કરવાની મંજુરી આપવા માટેની દરખાસ્ત કરેલ. પ્રસ્તુત દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬માં કરેલ જોગવાઇને ધ્યાને લઇ નિગમની શેરમૂડી રૂ.૫.00 કરોડથી વધારી રૂ.૨૦.00 કરોડ કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તારીખઃ૫-૧૦-૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી. સી. શાહ )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર

નકલ રવાનાઃ

અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,
પસંદગી ફાઇલ.